


Rangoli by Rushi Shah



# વાયડામિત્ર

વર્ષ ૧૦૨, માર્ચ- ૨૦૨૪, અંક ૩
R.N.I No.: 6316 / 57
કિંમત રૂ. ૩૦/- (વાર્ષિક)

અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા વખતે વડોદરામાં રંગોળીનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં યાત્રા પંકજભાઈ પરીખની અને રૂશી અંબરીશ શાહની આ રંગોળીને ખૂબ જ વખાણવામાં આવી હતી. યાત્રા પરીખ તથા રૂશી શાહની ટીમે ૩૬૦૦ સ્ક્વેર ફૂટની રંગોળી સમા સ્પોર્ટ કોમ્પલેક્સ, વડોદરા ખાતે બનાવી હતી જે એક વર્લ્ડ રેકોર્ડ છે.

Rangoli by Yatra Parikh



*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES




**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત-૧૯૭૭ માસ : મહા - માર્ચ, ઈ.સ. ૧૯૨૧

*માર્ચ ૨૦૨૪, પ્રત-૧૧૨૬, વર્ષ-૧૦૨, અંક-૩*

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી-૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧-એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,

જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭

Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ-મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂ.૩૦/-(સામાન્ય), રૂ.૧૦૦૧/-(આજીવન), રૂ.૨૫૦૧/-(પેટ્રન), **વિદેશમાં :** રૂ. ૫૦૦૧/-

**આ અંકમાં ....** પરીક્ષા આપો હસતા હસતા, જાપાન-સમૃદ્ધ સંસ્કૃતિ અને શ્રેષ્ઠ પાર્યટન ભાગ - ૪, એક ગરમ શાલ, શ્રીમદ્ ભાગવતની રત્નકણિકાઓ, કાલ્પનિક વ્યંગ કથા, **How to Design an Effective Training Program ?**

# પરીક્ષા આપો હસતા હસતા



બોર્ડની અને શાળાઓની પરીક્ષા ટૂંક સમયમાં શરૂ થવાની છે. બધું Red Alert ઉપર મૂકાય ગયું છે. સ્કૂલ, કોલેજ, ટ્યુશન અને ઘર બધે જ ધારા 144 લાગી ગઈ છે. સરહદ ઉપર યુદ્ધ જાહેર થાય અને જેવી પરિસ્થિતિ સર્જાય બસ એવી જ પરિસ્થિતિ ઘર અને શાળામાં સર્જાય છે! બધાં સૈનિકો પ્રેક્ટિસ પેપર આપીને પોતાની ગોખણપટ્ટીની ધાર મજબૂત કરી રહ્યા છે. શિક્ષક નામનાં સેનાપતિ એ પોતાનો વિષય બચાવી લેવો છે. બોર્ડનાં આક્રમણ સમયે પોતાનો એકપણ સૈનિક જરા અમસ્તો પણ ન ઘવાઈ અને 100% પરિણામ લાવવા શક્ય એટલાં બધાં જ પ્રયત્નો એ કરી રહ્યો છે. બીજી તરફ ઘરમાં ટીવીનું કેબલ કપાઈ ગયું છે. મમ્મીની પૂજાનો સમય હવે વધી ગયો છે. પોતાનાં ગમતાં ઈશ્વરને પણ બાધા લઈને confidence માં લેવાનો પ્રયત્ન કરી લીધો છે! પપ્પા હવે ઘરે વહેલાં આવી જાય છે. ઘરમાં મૂકેલો કર્ફ્યુને જાળવી રાખવાનો બરાબર પ્રયત્ન કરી રહ્યા છે. દિવાળી પર જેમ સ્કીમ આપવામાં આવે તેમ વાલીઓ એ પોતાનાં સંતાનને આટલા ટકા આવે તો આ નહીં તો પેલું લઈ આપીશું એવી સ્કિમ પણ આપી દીધી છે. સરકાર દ્વારા તનાવમુક્ત પરીક્ષા અંગે કેમ્પેનીગ શરૂ થઈ ગયું છે. હેલ્પલાઈન નંબરો જાહેર કરી દેવાયા છે. સગાસંબંધીઓનું ઘરે મળવા આવવાનું અને સાથે શુભેચ્છા ભેટ લાવવાનું પણ શરૂ થઈ જાય છે. ટૂંકમાં કહું તો દર વખતની જેમ આ વખતે પણ બધું જોરદાર આયોજનબદ્ધ શરૂ થઈ ગયું છે.

એમ તો હું જે વાત કરું છું એ કશી નવી છે જ નહીં. વર્ષોથી આપણે ત્યાં આવું જ થતું આવ્યું છે. આ બધાની વચ્ચે સવાલ એ છે કે શું આ પરીક્ષા ખરેખર એટલી મહત્વની છે જેટલી આપણે માનીએ છીએ ?

શું બાળકનાં અસ્તિત્વ અને વ્યક્તિત્વ બંનેનો આધાર આ પરીક્ષા જ છે?

અને ખાસ તો એ કે આ પરીક્ષા કોની છે? વિદ્યાર્થી જે ભણી રહ્યો છે એની? શિક્ષક કે જેણે ભણાવ્યું છે એની કે પછી જેણે જન્મ આપ્યો છે એ માતા પિતાની ? વાતાવરણ જોતા એવું લાગે છે કે પરીક્ષા આ બધાંની જ છે અને નવાઈની વાત તો એ છે કે આ પરીક્ષાની સફળતાનો બધો જ આધાર પરીક્ષા આપનારની યાદશક્તિ (ગોખણપટ્ટી) ઉપર છે. આખું વર્ષ તેણે, એનાં શિક્ષકે અને એનાં માતા પિતાએ શું કર્યું એનો બધો હિસાબ માત્ર 3 કલાકમાં આપવાનો છે. એ ત્રણ કલાકમાં બધું બરાબર યાદ આવ્યું તો આ બધાં પાસ નહીં તો બધાં જ નાપાસ... કોઈ વિદ્યાર્થી કે કોઈ શિક્ષક કેટલો હોશિયાર છે એનો નિર્ણય 5 મિનિટમાં એ લોકોનાં જ કુળનાં શિક્ષકો આપી દેતાં હોય છે! A1 ગ્રેડ લાવે તો શાળા સારી નહીં તો એમાં સરસ્વતીનો વાસ નથી એવું સાબિત થઈ જતું હોય છે!

એક જ પ્રશ્ન થાય છે કે શું જે શાળાનું 100% પરિણામ ન આવે તે શાળા સરસ્વતીનું મંદિર નથી ?

જે બાળક 35% ગુણ ન મેળવી શકે એ સરસ્વતીનું બાળક નથી? જે બાળક 35% ગુણ ન મેળવી શકે એ સરસ્વતીનું બાળક નથી?

આ હરીફાઈ વાયરસથી પણ વધુ ખતરનાક લાગી રહ્યો છે. આ હરીફાઈનાં કારણે જો સૌથી મોટું નુકશાન થયું હોય તો એ છે કે દરેક શાળા પોતાનું મંદિરપણું ગુમાવી ચુકી છે અને એ વાત યાદ રહે કે વાયરસ માત્ર એક વ્યક્તિને અસર પહોંચાડે છે અને આ ખોટા અભરખાની હરીફાઈ એક આખી શિક્ષણ વ્યવસ્થાને, આખાં સમાજ અને રાષ્ટ્રને અસર પહોંચાડે છે. આપણે ત્યાં દર માર્ચ મહિનામાં માર્ક્સનું માર્કેટ ભરાઈ છે. નકરું અભરખાનું બજાર. જેમાં શાળાઓ અને વાલીઓ પોતાનાં કહેવાતાં બાળકો નામની પ્રોડક્ટને પરીક્ષા નામનાં બજારમાં મૂકી દે છે. આ બધાની વચ્ચે એક પક્ષ જે આમ તો ખરેખર કેન્દ્રમાં છે પરંતુ હાસિયામાં ધકેલાઈ જતો હોય છે અને એ પક્ષ એટલે પરીક્ષા આપનાર ખુદ પેલું નિર્દોષ બાળક. હા, એ બાળક કે જેનાં મગજમાં બળજબરીપૂર્વક એવું ઠસાવી દેવામાં આવ્યું છે કે પરીક્ષામાં સારા ટકા સાથે પાસ થવું જ જીવનનો

મુખ્ય ઉદ્દેશ છે. બીજી તરફ હવે તો એને પણ એવું જ લાગવા લાગ્યું છે કે એનો જન્મ જ આ પરીક્ષામાં પાસ થવાં માટે થયો છે! કોઈની પાસે એમને સાંભળવાનો સમય નથી. કોઈ એ નથી જાણવું કે વિદ્યાર્થીને શું ગમે છે? કોઈ એ બાળકને કયા વિષયમાં રસ છે નથી જાણવું. અરે, હદ તો ત્યાં થાય છે કે શાળા અને ખુદ જન્મ આપનાર માતા–પિતા એ ભૂલી ગયા છે એ બાળક સરવાળે તો એક માણસ છે. આ વાંઝણી માનસિક્તા ને કારણે સંતાન હવે સંતાન મટી વાલીઓનાં અધૂરાં સપનાં પૂરા કરવાનું મશીન બની ગયું છે. તેજસ્વી વિદ્યાર્થી રહ્યાં નથી. સમાજ માટે માતા–પિતા માટે તો એ હવે ‘બ્રાન્ડ એમ્બેસેડર’ બની ગયાં છે.

માર્કશીટ તો માત્ર વિદ્યાર્થીને કેટલું યાદ રહ્યું એ જ બતાવે છે. કાશ કોઈ એવી માર્કશીટ જેવાં મળે કે જેમાં એક વર્ષ દરમિયાન બાળક કેટલી વખત હસતું રહ્યું, કેટલી વખત પોતાની સર્જનાત્મકતા બતાવતું રહ્યું, કેટલી વખત એને ભણવાનું ગમ્યુ, કેટલી વખત એ પોતાની લાગણીઓ ને કોઈ પણ પ્રકારનાં બંધન વગર રજૂ કરતું રહ્યું. તમને જો ક્યારેક એવી માર્કશીટ જોવાં મળે તો બધું છોડી એને પ્રણામ કરી લેજો. હું આવી માર્કશીટને માં સરસ્વતીની એકદમ ઓરીજનલ ફોટો કોપી કહું છું. આપણે ત્યાં ગુજરાતની જ જો વાત કરીએ તો SSC અને HSC મળીને લગભગ 15 લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપતાં હશે. આશ્ચર્ય તો એ વાતનું છે કે આ 15 લાખમાંથી મોટાભાગનાં વાલીઓ પોતાના સંતાનોને પ્રથમ લાવવા છે! અરે જે માતા–પિતાનાં બંનેનાં SSC નાં ટકા ભેગાં કરીએ તો 90% નથી થતાં એ વાલીઓ એક બિચારા એકલાં બાળક પાસે 90% ની અપેક્ષા રાખે છે અને અપેક્ષા તો રાખે છેં પણ સાથે એનાં માટે થાય એટલું તૈયારી કરી છૂટવા તૈયાર હોય છે. અહીં એવો કહેવાનો કોઈ જ ઈરાદો નથી કે એમનાં સંતાનોનાં 90% ન આવે પરંતુ મુદ્દો એ છે કે સંતાનનાં 90% લાવવા માટે નો તમારો એમના પ્રત્યેનો Attitude કેવો છે. બીજો સવાલ કે કેટલાં શિક્ષકોએ કે જેઓ SSC માં અભ્યાસ કરતાં હતાં ત્યારે 90% મેળવેલાં? એટલે એવું પણ નથી કે એવાં શિક્ષકોથી એમનાં વિદ્યાર્થીઓનાં 90% ન લેવડાવી શકાય પણ મૂળ વાત

તો આજની શિક્ષણપદ્ધતિની છે. શિક્ષણ સાથે સંકળાયેલ શિક્ષણશાસ્ત્રીઓ ભૂલી ગયાં છે કે આ ભણતર એ વ્યક્તિત્વનો એક નાનો સરખો બારીક ભાગ છે. અસ્તિત્વનો તો ભાગ જ નથી. જો બાળક બે પાંચ ટકા ઓછા લાવે કે એક બે વર્ષ મોડો પરીક્ષા પાસ કરે તો એમાં કશું લુંટાઈ જવાનું નથી એ વાત હવે એ તમામ પક્ષકારે સમજી લેવી જોઈએ. તો જ આ પરીક્ષા સમસ્યા ન રહેતા ઉત્સવ બની રહેશે. તમારા સંતાન અને વિદ્યાર્થી જેવાં છે એવાં એને સ્વીકારી એમાં જરૂર જણાય ત્યાં સુધારો કરતાં રહો તો જ એ સંબંધમાં પ્રેમ પ્રગટવાનો અવકાશ છે. બાકી એને તમારાં સ્ટેટસ બનાવવાનો પ્રયત્ન કરશો તો મોડો વહેલો એક વિદ્રોહ જન્મશે. હવે આપણે નક્કી કરવાનું છે કે આપણે શું તૈયાર કરવા માંગીએ છીએ એક શ્રેષ્ઠ નાગરિક, શ્રેષ્ઠ માણસ કે પછી....? અંતે બાળકનાં સારા રિઝલ્ટને લઈને ફેસબુક અને વોટ્સપ, સ્ટેટ્સ ઉપર લાંબુલચક લખીને ગર્વ લેતાં મા–બાપ અને સમાજને મારે એક જ વાત પૂછવી છે કે આ બાળકો તમારે માટે કોણ છે? તમારું સ્ટેટસ કે પછી તમારું સંતાન? આટલું વાંચ્યા પછી કદાચ તમારો જવાબ તમને એમને પ્રેમ કરવા અને આ પરીક્ષાને અભરખામુક્ત કરી ઉત્સવની જેમ ઉજવવા મજબૂર કરી દે તો પ્રયત્ન સાર્થક ગયો એમ માનીશ...

**- આચાર્ય પરેશ શાહ, વડોદરા**
**મો. ૯૨૨૭૧ ૦૪૮૯૬**

## લેખકો માટે સૂચના

લેખકોએ સારા અને સુવાચ્ય અક્ષરે અથવા ટાઈપ કરાવીને એ–૪ સાઈઝના કાગળની એક બાજુએ ૧૦૦૦ શબ્દોની મર્યાદામાં લખાણ મોકલવાનું રહેશે. લેખકોએ પોતાનુ નામ, સરનામું, ટેલીફોન નંબર, ઈ–મેલ તેમ જ સંક્ષિપ્ત પરિચય અવશ્ય મોકલવો. લખાણની એક નકલ પોતાની પાસે રાખીને જ મૂળ કૃતિ મોકલવા વિનંતી છે. અન્ય સામયિકોમાંથી મોકલેલું મેટર સ્વીકારવામાં આવતું નથી. પૂર્વગ્રહયુક્ત લખાણો સ્વીકારવામાં આવશે નહીં. પોસ્ટકાર્ડ / ઈનલેન્ડ લેટર અથવા ઝેરોક્ષનું લખાણ સ્વીકાર્ય નથી.

## જાપાન-સમૃદ્ધ સંસ્કૃતિ અને શ્રેષ્ઠ પર્યટન ભાગ - ૪



જાપાનના પાટનગર ટોક્યો અને સૌથી મોટા શહેર ઓસાકા અને આસપાસના વિસ્તારો વિષે આપણે માહિતી મેળવી. હવે જાપાનની પરંપરાગત સંસ્કૃતિના ધામ સમા Kyoto શહેર વિષે જાણીશું.

Kinkakujo મંદિર, Kiyomizudera, Fushimi Inari Taisha Shrine અને અન્ય પ્રખ્યાત સાંસ્કૃતિક સ્થળો સાથે Kyoto મુલાકાતીઓને ઘણું પ્રદાન કરે છે. Kyoto જવા માટે ઓસાકા ઘણું સગવડભર્યું શહેર છે. ઓસાકાથી ટોક્યો જવા માટે બુલેટ ટ્રેન (Shinkansen) દ્વારા માત્ર 15 મિનિટ લાગે છે. તે સિવાય ટ્રેન, બસ અથવા ટેક્સીથી લગભગ એકથી દોઢ કલાકમાં ઓસાકાથી ક્યોટો પહોંચી જવાય છે. Kyotoની મુલાકાત લેવા માટે Autumn પાનખર યાને શરદ ઋતુ સૌથી ઉત્તમ છે. પાનખર ઋતુમાં Kyotoનાં મંદિરો અને ધાર્મિક સ્થળોમાં ઉત્સવ મનાવવામાં આવે છે, ત્યારે એક સુંદર દૃશ્ય જોવા મળે છે.

ક્યોટોના કેટલાક સૌથી પ્રખ્યાત મંદિરો જ્યાં પાનખર ઋતુનો નજારો જોવા મળે છે તે આ પ્રામાણે છે :

**(1) Kitano Tenmangu Shrine :**

અહીં Sugawara - no - Michizane, God of Learning બિરાજમાન છે. જાપાનના લગભગ 12,000 થી પણ વધારે Tenmangu Shrines નું તે મુખ્ય મથક છે. શૈક્ષણિક પરીક્ષા આપતાં પહેલાં સફળતા માટે લોકો અહીંના દેવતાના આશીર્વાદ લેવા આવે છે.

નદીને કિનારે ફેલાયેલા લગભગ 350 મેપલ વૃક્ષોની હારમાળા ધરાવતું Moniji-en ખાસ જોવા જેવું છે. વિશેષ વેધશાળામાંથી તમે સંયોજનનું સંપૂર્ણ દૃશ્ય માણી શકો છો. સિંદૂરથી લદાયેલા Uguisubashi બ્રીજ જે એક રાષ્ટ્રીય ખજાનો ગણાય છે, તેના પરથી દૃશ્યાવલિ વધુ અદ્ભૂત લાગે છે.

**(2) Kodaji Temple :**

આ મંદિર તેની મોસમી લાઈટીંગના શો માટે લોકપ્રિય છે. ખાસ કરીને મંદિરના કમ્પાઉન્ડની અંદર સ્થિત Karyochi તળાવ, પાંદડાઓને અરીસાની જેમ

પ્રતિબિંબિત કરે છે. તેની અસર એટલી સંમોહિત કરનારી છે કે તમે તેને જોયા જ કરો અને સમયનું ભાન ભૂલી જાઓ.

**(3) Kifune Shrine :**

God of Water તરીકે ઓળખાતું આ મંદિરમાં લોકોને ખાસ આસ્થા છે અને પાણીના ઉદ્ભવ સ્થાનોની તે રક્ષા કરે છે એમ તેઓ માને છે. રસ્તા પર લગાવેલ સિંદૂર કલરના લેમ્પસથી પર્ણસમૂહ અત્યંત સુંદર લાગે છે.

**(4) Eikando Temple :**

આ મંદિર Eikando of the Maple Leaves તરીકે પણ ઓળખાય છે. લગભગ 3000 મેપલના વૃક્ષો આ વિશાળ મંદિરના મેદાનને દર પાનખરમાં તેજસ્વી લાલ અને સોનેરી રંગથી રંગે છે.

આ એક માત્ર એવી જગ્યા છે જ્યાં તમે કુદરતી પથ્થરની દિવાલો સાથે મેપલના વૃક્ષો જોઈ શકો છો. મંદિરના હોલ અને ગેલેરીઓ નજીકના સીધા ઢોળાવ પર વૃક્ષો વાવવામાં આવ્યા છે.

**(5) Tofukuji Temple :**

આ મંદિર ક્યોટોની સૌથી મોટી મંદિર ઈમારત છે. પાનખરમાં મંદિરના 2000 જાપાની મેપલ વૃક્ષો અદ્ભૂત દૃશ્ય બનાવે છે. મુખ્ય મંદિર અને Kaizando મંદિરની ઈમારતને જોડતા Tsutechkgo પુલનો નજારો અદ્ભુત છે. દર પાનખરમાં આ દૃશ્ય જોવા માટે લોકોનો મેળો ભરાય છે.

**(6) Chion-in Temple :**

આ મંદિર જાપાનના Jodo બૌદ્ધ સંપ્રદાયનું મુખ્ય મંદિર છે. તે ઘણી જ મહત્વની સાંસ્કૃતિક અસ્કયામતોનું ઘર છે, જેમાં જાપાનનો સૌથી મોટો બે માળનો લાકડાનો દરવાજો Sanmon Gate અને Jodo બૌદ્ધ ધર્મના સ્થાપક સંત Honen ને સ્થાપિત કરનાર Mieido નો સમાવેશ થાય છે.

આ મંદિર તેના ઘંટના વિશાળ કદ માટે પણ પ્રખ્યાત છે, જે નવા વર્ષની પૂર્વ સંધ્યાએ વગાડવામાં આવે છે. 3.3 મીટર ઊંચો અને લગભગ 70 ટન વજન ધરાવતા આ ઘંટને વગાડવા માટે 17 સાધુઓની જરૂર પડે છે.

ક્યોટો, Kiyomizudera મંદિર અને Yasaka મંદિર જેવા પ્રખ્યાત મુસાફરીના સ્થળ માટે પ્રખ્યાત છે તો તે ખરીદી માટે પણ યોગ્ય સ્થળ છે. ક્યોટો, જાપાનનું એક લોકપ્રિય પ્રવાસન સ્થળ, તેના ડીપાર્ટમેન્ટ સ્ટોર્સ, ભૂગર્ભ મોલ્સ, શોપિંગ સેંટર્સ અને સ્થાનિક શોપીંગ ડીસ્ટ્રીક્સની વિશાળ શ્રેણીને કારણે ખરીદી માટે

આદર્શ છે.

ક્યોટોના ખરીદી માટેના મુખ્ય સ્થળો આ પ્રમાણે છે :

(1) Shijo Street અને Kawaramachi ના ડીપાર્ટમેન્ટ સ્ટોર્સ

(2) JR Kyoto સ્ટેશન વિસ્તારમાં આવેલા શોપીંગ મોલ્સ અને ડીપાર્ટમેન્ટ સ્ટોર્સ

(3) Nishiki મારકેટ

(4) Shinkyogoku શોપીંગ સ્ટ્રીટ

(5) Teramachi Senmotenkai શોપીંગ સ્ટ્રીટ

(6) Furukawacho શોપીંગ આરકેડ

**- અમૃતભાઈ વાયડા, મુંબઈ**
**મો. ૯૮૨૧૪ ૬૩૭૯૫**

## એક ગરમ શાલ

'ભાઈ જરા હટો તો... આમ આવી જાવ' વૃદ્ધ પિતાના ક્ષત–વિક્ષત દેહ પાસે બેસીને કાળું કલ્પાંત કરતા વિનોદને એક સજ્જને કહ્યું. 'ના નહી હટું, આ મારા પિતા છે.' પેલા સજ્જનની મદદે પોલીસવાળો આવ્યો. 'જુઓ ભાઈ ! બોડી બહુ ખરાબ હાલતમાં છે. અમારે તેને ઢાંકવી પડે.' એમ કહીને પોલીસવાળાએ કોઈકની જૂની શાલ વૃદ્ધના મૃતદેહ પર ઢાંકી. પોલીસ લોકોનાં ટોળાંને વિખેરવામાં લાગી. રડતા વિનોદને કોઈએ પાણીની બોટલ ધરી. લોકો 'હજી પણ શું થયું ? શું થયું ?' પૂછી રહ્યાં હતાં. મોર્નિંગ વોક પર નીકળેલાં ચંપકલાલને કોઈ અજાણ્યું વાહન ટક્કર મારીને નાસી ગયું હતું. ૧૦૮ આવી. લોહી નીતરતા દેહને એમ્બ્યુલન્સમાં મુકાયો. થોડેક દૂર તુટેલા ચશ્મા અને બોલપેન પડયા હતાં. વિનોદે સંભાળીને બંનેને ખીસ્સામાં મૂક્યા. બે જણાના ટેકાથી એમ્બ્યુલન્સમાં ચડાયુ. એમ્બ્યુલન્સ સિવિલ હૉસ્પિટલ તરફ દોડવા લાગી. રસ્તામાં વિનોદની નજર પિતાએ ઓઢેલી કોઈકની ગરમ શાલ પર પડી. જે હવે ઠેર ઠેર લોહીના ડાઘાવાળી થઈ ગઈ હતી. સાથે સાથે તેને પિતાના થોડા દિવસ પહેલાના શબ્દો – જેને તેણે ગણકાર્યા ન હોતા તે યાદ આવ્યા કરતા હતા 'બેટા, હવે સવાર સાંજ ટાઢ પડે છે, કોઈ એકાદ શાલ તો આપજે !' અને વિનોદથી લાંબી મરણપોક મૂકાઈ ગઈ!

**- માધ્વી મેહુલ શાહ, ભૂજ મો. ૯૪૨૮૬ ૮૦૦૭૧**

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ

## શ્રીમદ્ ભાગવતની રત્નકણિકાઓ



(30 જાન્યુઆરી 2024 થી 5 ફેબ્રુઆરી 2024 દરમ્યાન વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO) અને સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર (SVVP) દ્વારા અમદાવાદના GMDC / યુનિ. ગ્રાઉન્ડમાં અષ્ટોત્તર શત ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું પારાયણ વૈષ્ણવાચાર્ય પ.પૂ. ગો. 108 શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી (વડોદરા)ના શ્રીમુખે થયું હતું. મનોરથી તરીકે શ્રી નીતિનભાઈ પટેલ અને ગીતાબહેન પટેલ પરિવારે સુંદર આયોજન કર્યું હતું. આશરે દસ હજાર શ્રોતાઓએ ભાગવત કથાનું રસપાન કર્યું હતું. અહીં તેઓશ્રીના મુખેથી શ્રવણ કરેલી શ્રીમદ્ ભાગવત કથાની સારરૂપ રત્નકણિકાઓ સંકલિત કરી છે.)

- શ્રીમદ્ ભાગવત એ શબ્દમૂર્તિ છે. તેના ગુણગાનથી ચિત્ત શાંત થાય છે.
- જ્યાં સુધી વક્તા અને શ્રોતાની અંદર ભગવાનનો આવિર્ભાવ ન થાય ત્યાં સુધી તેમનું ચિત્ત પ્રભુમાં લાગી શકતું નથી.
- કથા શ્રવણ કર્યા પછી તેનું સ્મરણ, શ્રવણ, ચિંતન અને મનન બહુ આવશ્યક છે, નહીં તો કથાનું વિસ્મરણ થઈ જાય છે.

ગો.વા. રમેશચંદ્ર કાંતિલાલ પરીખ (કડી)ના જય શ્રી કૃષ્ણ હ. માલતીબેન, દેવીબેન, અરૂણાબેન

- સદા આનંદમાં રહેવા માટે સુવિધા નહીં, સમજદારી જોઈએ.
- ક્યારેક હસી જવાથી અને ક્યારેક હટી જવાથી ઘણી બધી તકલીફોનો અંત જલ્દી આવે છે.
- શા માટે આપણે અલગ ન બની શકીએ ? ખુશ રહેવાની સલાહ આપવાને બદલે કોઈની ખુશીનું કારણ બનીએ ?
- ભૂમિ અને ભાગ્યનો એક જ સ્વભાવ છે. જે વાવો છો તે જ નીકળશે એ નિશ્ચિત છે.
- આત્માનો સ્વભાવ આપવાનો છે, શરીરનો સ્વભાવ લેવાનો છે.
- સત્યની નજીક પહોંચવુ એટલે શાંતિ અને આનંદ તરફ જવું. જે ક્ષણે આપણને ભાગવત કથા સાંભળવાની ઇચ્છા થાય છે તે જ ક્ષણે ભગવાન આપણામાં આવી બિરાજે છે.
- જે બહારથી કાપે છે એ મચ્છર છે, અંદરથી કાપે છે તે મત્સર (ઇર્ષ્યા) છે.
- ધર્મનું પ્રથમ પગથિયું ધૈર્ય છે. ધર્મ પ્રવૃત્તિ નથી, વૃત્તિ છે.
- સત્ય, તપ, પવિત્રતા અને દયા – ધર્મના ચાર પાયા છે.
- શઠને સુધારી શકાય, ખલને સુધારી ન શકાય. જે સંગદોષથી દુષ્ટ બન્યો હોય તે શઠ અને જેનું અંતઃકરણ દુષ્ટ હોય તે ખલ.
- આપણે રોજ રાત્રે સૂતા પહેલા પરીક્ષિત બનવાનું છે.
- પ્રેમ ઈશ્વરનો ધર્મ છે, મોહ જીવનો ધર્મ છે. ઈશ્વરનો ધર્મ સનાતન છે, જીવનો ધર્મ ક્ષણભંગુર છે. પ્રેમમાં ધૈર્ય છે, મોહમાં ઉતાવળ છે.
- ઠાકોરજી વાંસળી સાથે પોઢે છે અને માણસ મોબાઈલ સાથે પોઢે છે.
- સવારના સમયમાં સતનો, બપોરનો સમયમાં રજસનો અને રાત્રિના સમયમાં તમસનો પ્રભાવ હોય છે.
- ભક્તિમાર્ગની શરૂઆત ચરણ અને આચરણથી થાય છે.
- સવારે ઉઠતાં જ સૌ પ્રથમ ઠાકોરજીના દર્શન થવા જોઈએ. તે સમયે મૌન રાખો. નિત્યક્રમ પતાવ્યા બાદ જ બોલવું જોઈએ.
- ઠાકોરજીના દર્શન કરતી વખતે સૌ પ્રથમ ચરણના દર્શન કરવા જોઈએ. ચરણારવિંદથી મુખારવિંદનું ધ્યાન ધરો.

ચંદનબહેન વલ્લભદાસ મોહનલાલ શાહ (કડીવાળા) પરિવારના જય શ્રી કૃષ્ણ.

- કથા પહેલી વાર સાંભળે તેને જ્ઞાન પ્રાપ્ત થાય, કથા વારંવાર સાંભળે તેને ધ્યાન પ્રાપ્ત થાય.
- ઇચ્છા જ ન રાખે એ સત્, ઇચ્છા પૂરી થાય કે ન થાય તે રજસ અને ઈચ્છા ગમે તેટલી પૂરી થાય પણ તેમાં જ રમમાણ રહે તે તમસ.
- સુનીતિ શ્રેય માર્ગ છે, સુરૂચિ પ્રેમ માર્ગ છે. શ્રેય માર્ગમાં આખા સમાજનો વિચાર છે, પ્રેમ માર્ગમાં પોતાનો વિચાર છે.
- પાશ્ચાત્ય સંસ્કૃતિના ત્રણ કાર્ય ન કરવાની પ્રતિજ્ઞા લો – (1) કેક નહીં કાપવી (2) રીબન નહીં કાપવી, પણ ખોલવી. આપણી સંસ્કૃતિ જોડવાની છે. (3) મીણબત્તી નહીં, દીપથી દીપ પ્રગટાવો.
- માણસના જીવનમાં Discipline (શિસ્ત) consistency (સાતત્ય) અને Commitment (પ્રતિબદ્ધતા) હોવી જોઈએ.
- નૃસિંહ જન્મ સમયે એક સાથે પ્રભુનો ક્રોધ અને પ્રેમ પ્રગટ થયો છે. હિરણ્યકશિપુને મારતી વખતે ક્રોધ અને પ્રહ્લાદના રક્ષણ કરતી વખતે પ્રેમ પ્રગટ થયો છે. આ અલૌકિક ઘટના છે.
- જે મને નથી ગમતું એ બીજાને પણ નહીં ગમે તે ધર્મ. ધર્મ વ્યક્તિને સારો માનવ બનાવે છે. તેનામાં નિખાર લાવે છે, જીવનને પુષ્ટિ આપે છે, જીવન જીવવાની કળા શીખવે છે.
- જીવનમાં સત્ય પણ શુભ હોવું જોઈએ. શુભ સુંદર હોવું જોઈએ. સત્યમ્, શુભમ્, સુંદરમ.
- પૂતના એટલે જે બીજાને મોહિત કરીને ઈશ્વરથી દૂર લઈ જાય તે. ભક્તિમાં જતા રોકે તે પૂતના છે.
- બધાને યશ આપે તે યશોદા, કિર્તી આપે તે કિર્તીદા (રાધાની માતા), આનંદ કરાવે તે નંદરાય, દિવ્યતા પ્રદાન કરે તે દેવકી અને શુધ્ધતા પ્રદાન કરે તે વસુદેવ.
- ભક્તિની ચાર અવસ્થાઓ છે – પ્રેમ, આસક્તિ, વ્યસન અને તન્મયતા.
- અધ્યાત્મ મનુષ્યના જીવનમાં આંતરિક પરિવર્તન લાવે છે.
- પુષ્ટિમાર્ગમાં વિશિષ્ટ જીવનરીતિ છે – (1) નમસ્તેનો પ્રકાર છે. શેકહેન્ડનો નહીં (2) વારંવાર હાથ ધોવાનો ઉપક્રમ છે. (3) દર્શન કરવા એટલે ઊર્જાને

શ્વાસમાં ભરવી.

- તીર્થયાત્રામાં ચાર અપરાધ ક્યારેય ન કરવા. (1) વસ્ત્ર વગર સ્નાન કરવું (2) જલક્રીડા ન કરવી (3) મૌન ધારણ કરવું. (4) દેહભાન ભૂલી ન જવું.
- લૌકિક કામમાં વાસના છે, અલૌકિક કામમાં આનંદ છે.
- સાધનથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી. નિ:સાધનતા જીવમાં પ્રગટ થાય ત્યારે (અહંકાર ચકનાચૂર થાય ત્યારે) ઠાકોરજી દર્શન આપે છે.
- દયામાં અહંકારનો ભાવ છે. કરુણામાં અહંકાર નિર્મૂળ થાય છે.
- ભાગવત કથા સાંભળ્યા પછી માણસ તેનો તે જ રહેતો નથી, તેનામાં ધીમું પરિવર્તન આવે છે.
- આપણે કથા નથી બેસાડતા, કથા આપણને બેસાડે છે.
- ભગવાન કૃપા કરે ત્યારે સત્સંગ અને કથા પ્રાપ્ત થાય છે.
- સ્ત્રીના ગુણ - સહનશીલતા, કોમળતા, બીજામાં ભળી જવું, સરળતા, ભાવુકતા અને વિનમ્રતા.
- સ્ત્રીના દુર્ગુણ - ઈર્ષ્યા, સંસાર આસક્તિ, પેટમાં વાત ન રાખવી, દેહાસક્તિ, એક વસ્તુ પકડે તેને છોડે નહીં, સ્ત્રી હઠ, જિદ્દી, નાની નાની વાતને પકડી રાખે.
- પુરુષના ગુણ - નેતૃત્ત્વ, નિર્ણયશક્તિ, જવાબદારી, સાહસ, શૌર્ય, શક્તિ
- પુરુષના દુર્ગુણ - અભિમાન, કઠોરતા, ક્રોધ.
- તમારી નિંદા એ સફળતાની પહેલી નિશાની છે.
- રુક્મિણી સાત્વિક છે. જાંબુવતી રાજસિક છે અને સત્યભામા તામસિક છે.
- યમુનાષ્ટકમાં યમુનાજીને ત્રણ વાર નમન થાય છે.
  (1) નમામિ યમુનામહં - આધિભૌતિક સ્વરૂપ
  (2) નમત કૃષ્ણતુર્યપ્રિયમ - આધ્યાત્મિક સ્વરૂપ
  (3) નમોસ્તુ યમુને સદા - આધ્યાત્મિક સ્વરૂપ
- કામ, ક્રોધ, લોભ, મોહ, માયા પાંચ માથાવાળો રાક્ષસ છે.
- ઠાકોરજી પ્રસન્ન થાય તેની ખબર કેવી રીતે પડે ? (1) અચાનક ગુરુ તમારે ઘેર પધરામણી કરે. (2) ઠાકોરજીના પ્રસાદમાં વિશેષ મીઠાશ આવવા લાગે. (3) સેવા કરતાં અકારણ આંખોમાંથી અશ્રુ વહેવા માડે અને


હૃદય ભરાઈ જાય

- ભાગવત કથા મૃત્યુ સુધારે છે. તેમ જ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પ્રદાન કરે છે. તેના શ્રવણથી જ જીવનમાં પ્રતિશિલતા પ્રાપ્ત થાય છે.
- પુષ્ટ કરેલા ઠાકોરજી ન હોય તો શ્રીમદ્ ભાગવત રાખીને તેનું પૂજન કરવું. તેની પાછળ શ્રીનાથજી, મહાપ્રભુજી, યમુનાજીના ચિત્રજી પધરાવે એટલે પુષ્ટિ ભક્તિ થઈ ગણાય એમ મહાપ્રભુજી કહે છે.
- પુષ્ટિમાર્ગમાં અત્યારે જરૂર છે – કાયાપલટની અને નવી વિચારધારાની.
- To expect a problemfree life is the biggest problem of life.
- પોતાના લક્ષ્યને પામવાના પુરુષાર્થમાં એટલા વ્યસ્ત રહો કે બીજાની નબળાઈ જોવાનો સમય જ ન રહે.
- ભક્તિનો માર્ગ જીવાત્માને પરમાત્મા સુધી લઈ જાય છે.
- શ્રીમદ્‌નો અર્થ થાય છે રાધાજી, જ્યારે 'ભ' નો અર્થ થાય છે ભગવાન, ભક્ત. 'ગ' નો અર્થ છે જ્ઞાન, 'વ' નો અર્થ વૈરાગ્ય અને 'ત' નો અર્થ તપ થાય.
- ભગવાનની કૃપાથી પ્રાપ્ત થાય તેને કથા કહેવામાં આવે છે. ભગવાનની ઇચ્છાથી પ્રાપ્ત થાય તેને વ્યથા કહેવામાં આવે છે.
- ગોપી અને વેણુ બન્ને ભગવાનને બાંધે છે.
- વૈષ્ણવ બનવું એ અકસ્માત નથી, પ્રભુનું આયોજન છે.
- માહિતી (Information) બહારથી મળે છે. જ્ઞાન (Knowledge) અંદરથી મળે છે.
- સંજોગો બદલાય એ ચમત્કાર નથી. આખો માણસ બદલાય તે ચમત્કાર છે.
- ભક્તિમાં વિસ્તારનું મહત્વ નથી, ઊંડાણનું મહત્વ છે.
- આખું જગત વૈષ્ણવ છે. જે ભગવાનમાં માને છે તે વૈષ્ણવ છે.

**- સંકલન : હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

સ્વ. અનુભાઈ મોતીલાલ શાહ (અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

# કાલ્પનિક વ્યંગ કથા



## રાહુલ ગાંધી વડાપ્રધાન ભાગ - ૧

વડોદરામાં ભૂતડીઝાંપાથી આર્યકન્યા વિદ્યાલય તરફ આવતા ડાબી બાજુ ઉપેન્દ્રાચાર્યજીનો આશ્રમ આવે છે. ઘણા વર્ષો પહેલા આ આશ્રમમાં દર વર્ષે ઉપેન્દ્રજયંતી નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગરબા તથા નાટકના કાર્યક્રમ થતા હતાં. હું લગભગ 10-12 વર્ષનો હતો ત્યારે આ સાંસ્કૃતિક કાર્યક્રમ જોવા જતો હતો. તે વખતે એક નાટકમાં અભિનેતાને એક સ્વપ્ન આવે છે. આ સ્વપ્નમાં તેને હિમાલયની નદીમાં નહીં પણ હિમાલય પર બરફમાં સ્ટીમર ફરતી દેખાય છે. બરફમાં તે કઈ સ્ટીમર ફરતી હોય? પણ, આ તો સ્વપ્ન હતું. સ્વપ્નમાં તો અગ્નિ ઉપર પાણી રેડો તો અગ્નિ વધુ પ્રજ્વલિત થાય અને પેટ્રોલ રેડો તો અગ્નિ બુઝાઈ પણ જાય. *स्वप्नमें सबकुछ मुमकिन है ।*

***नोंध :*** *स्वप्नमें सबकुछ मुमकिन होने पर भी ये लेखमें वास्तविकताको नजरअंदाज नहीं किया गया है ।*

2014 ની સાલની લોકસભાની ચૂંટણી મોદી–ભાજપ બહુમતીથી જીતી જાય છે. 16 મી નવેમ્બર, 2014ની સાલમાં કોંગ્રેસના મણિશંકર ઐયર પાકિસ્તાનની એક ટીવી ચેનલની ડિસ્કશન પેનલમાં છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે દુશ્મની દુર કરવા માટેની વાતચીત સ્થગિત થઈ ગઈ છે. ડિસ્કશન દરમ્યાન મણિશંકર ઐયરને એન્કર પૂછે છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે વાતચીત શરુ કરવા શું કરવું જોઈએ ? મણિશંકર ઐયર જણાવે છે કે ભારતમાં એક એવા વડાપ્રધાન હોવા જોઈએ કે પાકિસ્તાન સાથે બિનશરતી વાતચીત શરુ કરે. કહેવાનો ભાવાર્થ હતો કે પાકિસ્તાન ભારતમાંથી મોદી–ભાજપને હટાવે અથવા હટાવવામાં મદદ કરે... (આ હકીકત છે. સ્વપ્નુ નથી). ભારતમાં રહેતા, મોદી–ભાજપ વિરોધી ભારતીયો દુશ્મન દેશ ચીન–પાકિસ્તાનની મદદ મેળવીને ભારત વિરુદ્ધ કાવતા કરતા શરમાતા નથી. હમણા થોડા વખત પહેલા ફારુક અબ્દુલ્લા બોલ્યા હતા કે કાશ્મીરમાં 370 મી કલમ પાછી લાવવા જરૂર પડશે તો ચીનની મદદ લેતા પણ અચકાઈશું નહીં.

સ્વ. જીવણલાલ શાહ (દેત્રોજવાળા)પરીવારનાં જય શ્રી કૃષ્ણ

2019 ની સાલની લોકસભાની ચૂંટણી પણ મોદી–ભાજપ જીતી જાય છે. જલ્દીથી સૈનિકો અને લશ્કરી સામાન પહોંચતો કરવા જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં રસ્તાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કર્યા મને એક દિવસ સ્વપ્ન આવ્યું કે મોદી સરકાર 5 મી મે, 2023 ની સાલમાં POK માં જંગી આક્રમણ કરી, પાકિસ્તાનને હરાવી, POK ને ભારતમાં સમાવી લે છે.

સાલ છે 2023. તે વખતે નરેન્દ્ર મોદીની ઉંમર 72 વર્ષની હોવાથી રાજકારણ અને સંસારમાંથી સન્યાસ લઈ હિમાલય જતા રહેવાનો હોવાથી 2024 ની ચૂંટણી નથી લડવાના. BJP તરફથી અમિત શાહ ચૂંટણી પ્રચારકરે છે અને કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી ચૂંટણી પ્રચાર કરે છે. ચૂંટણીની તારીખો નક્કી નથી થઈ પણ પરિણામ લગભગ મે, 2024 ના અંત સુધીમાં આવી જશે.

19 મી ઓક્ટોબર, 2023 ના રોજ મણિશંકર ઐય્યર રાહુલ ગાંધીને મળે છે. (લેખમાં આવતી તારીખો યાદ રાખો.)

મણિશંકર ઐય્યર : આપણે 2024 ની ચૂંટણી કોઈ પણ રીતે જીતવી જોઈએ. આપણે જેની મદદ લેવી પડે તેની લઈશું. હું આજે ઈમરાન ખાન સાથે પરામર્શ કરવા પાકિસ્તાન જાઉં છું.

રાહુલ ગાંધી : હું પણ સાથે આવું ?

મણિશંકર ઐય્યર : ના ના, એવું તો કદી વિચારતા જ નહીં. તમે ડોક્લામ વખતે ભારતમાં ચીનના પ્રતિનિધિને મળવા ગયા હતા તે વખતે મિડિયાએ કાગારોળ કરી મુકી હતી તે યાદ છે ને ? અત્યારે ભારત–ચીન બોર્ડર ઉપર તનાવ છે તેથી જો તમે ઈમરાન ખાનને મળવા જશો તો મીડિયા વાળા, ખાસ કરીને આજ તકના સુધીર ચૌધરી, ઈન્ડિયા ટી.વી.ના રજત શર્મા અને ઝી ન્યુઝના રોહિત રંજન બુમબરાડા કરી મુકશે.

મણિશંકર ઐય્યર પાકિસ્તાન જાય છે અને ઈમરાન ખાનને મળે છે.

મણિશંકર ઐય્યર : અમારે 2024 ની ચૂંટણીમાં કોઈ પણ રીતે મોદી–ભાજપને હરાવવા છે. તમે કઈ રીતે મદદ કરશો?

ઈમરાન ખાન : શી જીનપીંગને ડોકોલામ અને લદ્દાખમાંથી પીછેહઠ કરવી પડી હતી. તેથી આપણી માફક મોદી શી જીનપીંગના પણ 1 નંબરના દુશ્મન છે. આપણે તેમની મદદ માંગીશું તો તે ચોક્કસ આપણને 2024 ની લોકસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવા મદદ કરશે. તમે કહેતા હોવ તો પૂછી જોઈએ.

મણિશંકર ઐય્યર : તેમને પૂછો તો ખરા તે શું કહે છે ?

સ્વ. મંજુલાબહેન રમેશચંદ્ર શાહ (કડી–અમદાવાદ) પરીવારના જય શ્રી કૃષ્ણ

અમર નૈમિષકુમાર પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

ઈમરાન ખાન શી જીનપીંગને ફોન કરે છે.

ઈમરાન ખાન : મારી સાથે ભારતના મોદીના દુશ્મન મણિશંકર ઐય્યર બેઠા છે. અમે અત્યારે ભારતમાં 2024 ની લોકસભાની ચૂટણીમાં મોદી–ભાજપને હરાવવાની યોજના બનાવી રહ્યા છીએ. તમે કઈ રીતે મદદ કરશો?

શી જીનપીંગ : હમણા હું થોડો વ્યસ્ત છું. હું તમને અડધા કલાક પછી ફોન કરીશ.

શી જીનપીંગની પણ ઇચ્છા છે કે ભારતમાં કોંગ્રેસ જીતે અને રાહુલ ગાંધી વડાપ્રધાન બને. ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગ જાણે છે કે નરેન્દ્ર મોદીની માફક અમિત શાહ પણ ભારત વિરુદ્ધ એક પણ પ્રસ્તાવને મંજુર નહીં આપે. નમસ્તે ટ્રમ્પ વખતે ટ્રમ્પ ભારત આવ્યા હતા ત્યારે ટ્રમ્પે પણ કહ્યું હતું કે નરેન્દ્ર મોદી કડક (ટફ) સ્વભાવના છે. અમિત શાહ પણ એટલા જ કડક સ્વભાવના છે. જમ્મુ કાશ્મીરમાંથી 370 મી કલમ દુર કરી તે વખતે અમિત શાહ ગુસ્સે થઈ કેટલા જુસ્સાથી કહ્યું હતું કે હું જ્યારે જમ્મુ કાશ્મીર બોલું ત્યારે તેમાં POK પણ આવી જાય. શી જીનપીંગ એ પણ જાણે છે કે ઓછી બુદ્ધિના માણસને લાલચ આપી સહેલાઈથી ફસાવી શકાય. શી જીનપીંગને ભારતના સમાચારોમાંથી બે મુદ્દા ધ્યાન પર આવ્યા. (1) રાહુલ ગાંધી બટાકામાંથી સોનું બનાવવાની વાત કરતા હતા અને (2) દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ લોકોને બધું મફત આપી ચૂંટણી જીત્યા હતા. શી જીનપીંગ ચીનની સબમરીન બનાવતી કંપનીના CEO ને ફોન કરી કહે છે કે આપણે એક કલાકમાં બટાકામાંથી 200 કિલોગ્રામ સોનું બને તેવું મશીન બનાવવાનું છે. શક્ય છે? CEOનો હકારાત્મક જવાબ સાંભળીને શી જીનપીંગ ઇમરાન ખાનને ફોન કરે છે. (શી જીનપીંગ ઇમરાન ખાનના ખાસ દોસ્ત હોવાથી મણિશંકર ઐય્યર સાથે વાત ન કરતા ઇમરાન ખાન સાથે વાત કરે છે.)

શી જીનપીંગ : જો રાહુલ ગાંધી વડાપ્રધાન બનશે તો અમે બટાકામાંથી સોનું બનાવવાનું મશીન ભારતને આપીશું. કોંગ્રેસ 2024ની ચૂંટણી ઢંઢેરામાં એક મુદ્દો ખાસ લખે કે કોંગ્રેસ જીતી જશે તો 135 કરોડ ભારતીયોને એક એક કિલો સોનું મફત આપવામાં આવશે. તમને ખબર છે ને દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ બધું મફત આપી ચૂંટણી જીતી ગયા હતા. હમણા રાહુલ ગાંધી જાહેર ન કરે કે તે વડાપ્રધાન બનશે તો ચીન બટાકામાંથી સોનું બનાવવાનું મશીન આપશે.

ઇમરાન ખાન : રાહુલ ગાંધીના પ્રતિનિધિ મણિશંકર ઐય્યર મારી

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

બાજુમાં જ બેઠા છે. આપણી વાત તેઓ સાંભળી રહ્યા છે. અમને પણ બટાકામાંથી સોનું બનાવવાનું મશીન આપો તો મારે કટોરો લઈ અમેરિકા અને સાઉદી એરેબીયા પાસે જવું ન પડે.

શી જીનપીંગ : (શી જીનપીંગને મણિશંકર ઐય્યરની હાજરીમાં જવાબ નથી આપવો.) હમણા હું થોડો વ્યસ્ત છું. તમે મને સાંજે ફોન કરજો.

મણિશંકર ઐય્યર પાકિસ્તાનથી ભારત આવે છે. સાંજે ઇમરાન ખાન શી જીનપીંગને ફોન કરે છે.

ઇમરાન ખાન : તમે અમને બટાકામાંથી સોનું બનાવવાનું મશીન આપશો ને?

શી જીનપીંગ : તમારે રાહુલ ગાંધીની માફક મુર્ખ બનવું હોય તો આપું.

ઈમરાન ખાન : હું સમજી ગયો. અમારે બટાકામાંથી સોનું બનાવવાનું મશીન નથી જોઈતું.

મણિશંકર ઐય્યર ભારત આવી રાહુલ ગાંધીને મળે છે.

મણિશંકર ઐય્યર : 2024 ની લોકસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવા આપણને ઇમરાન ખાન સાથે શી જીનપીંગ પણ મદદ કરશે. 2024 ની ચૂંટણીમાં રાહુલ ગાંધી વડાપ્રધાન બને તો ચીન બટાકામાંથી સોનું બનાવવાનું મશીન આપશે. મને આનંદ થાય છે કે ચીની મશીનથી ભારતમાં જ્યારે સોનું બનશે ત્યારે પહેલા ભારતના જે લોકો તમને મહામુર્ખ કહેતા હતા, તે જ લોકો હવે તમને ભારતના સ્વપ્નદ્રષ્ટા કહેશે. આપણે ચૂંટણી ઢંઢેરા–મેનીફેસ્ટોમાં લખવાનું કે અમે સત્તામાં આવીશું ત્યારે 135 કરોડ ભારતીયોને એક કિલોગ્રામ સોનું મફત આપવામાં આવશે. સોનાની લાલચે અનેક વિપક્ષી લોકો પણ આપણને જ મત આપશે.

5 મી એપ્રીલ, 2024 ના રોજ કોંગ્રેસ ચૂંટણી ઢંઢેરા–મેનીફેસ્ટો જાહેર કરે છે. કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરા–મેનીફેસ્ટોના મુખ્ય મુદ્દા :

(1) કોંગ્રેસ સત્તા ઉપર આવશે તો ચીનને ભારતની ધરતી ઉપરથી 15 મીનીટમાં ખદેડી મુકવામાં આવશે. (લોકોના મત મેળવવા)

(2) અમેઠીમાં બટાકામાંથી સોનું બનાવવાનું કારખાનું નાંખવામાં આવશે. ભારતની 135 કરોડ જનતાને દરેકને એક એક કિલોગ્રામ સોનું મફત આપવામાં આવશે.

(3) જમ્મુ કાશ્મીર માટે ફરીથી 370 મી કલમ પુનઃ શરૂ કરવામાં આવશે.

(4) જેને ત્રણથી વધુ બાળકો હશે તેમને દરેકને નોકરી મળતા સુધી નિભાવ ખર્ચ પેટે દરેક બાળક દીઠ મહીને રૂ. 1000/- આપવામાં આવશે.

(5) પાકિસ્તાન–અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશના મુસ્લિમોને ભારતની નાગરિક્તા આપવામાં આવશે. (કોંગ્રેસ – રાહુલ ગાંધીએ CAA નો વિરોધ કર્યો હતો.)

(6) લોકસભા અને રાજસભા સહીત બધા જાહેર સ્થળો પર કોઈ પણ કોઈને આંખ મારે તો તેની ફરિયાદ પોલીસને નહીં કરી શકાય. (લોકસભામાં રાહુલ ગાંધીએ જ્યોતિરાદિત્યને આંખ મારી હતી.)

(7) લોકસભા અથવા રાજસભાના કોઈપણ સાંસદ ભેટવા આવે તો ઉભા થઈ ભેટવું ફરજિયાત છે. પુરુષ સાંસદ મહિલા સાંસદને ભેટી નહીં શકે. (લોકસભામાં રાહુલ ગાંધી તેમના સ્થાનેથી ઉભા થઈ નરેન્દ્ર મોદીને ભેટવા ગયા હતા. નરેન્દ્ર મોદી ઉભા ન હોતા થયા.)

(8) બધા રાજ્યોમાં ખેડૂતોના દેવા માફ કરી દેવામાં આવશે.

(9) બધા રાજ્યોના ખેડૂતોની વીજળીબીલની 75% રકમ કેન્દ્ર તરફથી ખેડૂતના ખાતામાં જમા કરવામાં આવશે.

કોંગ્રેસને આત્મવિશ્વાસ છે કે લોકો સોના માટે લોકો કોંગ્રેસને જ મત આપશે અને સહેલાઈથી યુપીએને 305 લોકસભાની સીટો મળી જશે. કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરા–મેનીફેસ્ટો જાણી બધા વિપક્ષી નેતાઓ પણ વિચારતા થઈ ગયા. RJD સ્થાપક નેતા લાલુપ્રસાદ યાદવે તો કોંગ્રેસને ગઠબંધન માટે કહેણ પણ મોકલ્યુ. કોંગ્રેસે RJD ના ગઠબંધનનો પ્રસ્તાવ અસ્વીકાર કર્યો. લાલુપ્રસાદ યાદવે તેમના સભ્યોને જણાવ્યું કે આપણે કેન્દ્રમાં સત્તામાં નથી આવવાના તેથી બીજેપીને હરાવવા કોંગ્રેસને મત આપો. વાચકમિત્રો વિચારતા હશે કે લાલુપ્રસાદ યાદવને કોંગ્રેસને જીતાડવામાં કેમ રસ છે. લાલુપ્રસાદ યાદવને ત્યાં તે તેમની પત્ની, બે પુત્રો અને સાત પુત્રીઓ સાથે પૂરી ક્રિકેટ ઈલેવન છે. તેમના બે પુત્રો અને સાત પુત્રીઓ પરણી ગયા છે. તેમને ત્યાં પણ બાળકો છે. હવે વિચારો કે કોંગ્રેસ સત્તામાં આવે તો લાલુપ્રસાદના કુટુંબમાં વ્યક્તિ દીઠ એક એક કિલોગ્રામ સોનું આવે તો કેટલું બધું સોનું આવે?

કોંગ્રેસ સત્તા ઉપર આવે અને બધાને એક એક કિલોગ્રામ સોનું આપે ત્યારે મને “અમે બે અને અમારા બે” નો નારો અનુસરવાનો અને મારે ક્રિકેટ ઈલેવન ન હોવાનો અફસોસ જરૂર થવાનો. કાશ! મારે પણ ક્રિકેટ ઈલેવન હોત !

2019 ની સાલની ચૂંટણી વખતે રાહુલ ગાંધીને સ્મૃતિ ઈરાનીએ એટલો જોરથી ધક્કો માર્યો હતો કે તે ઉત્તર પ્રદેશના અમેઠીથી તે છેક દક્ષિણના કેરળમાં વાયનાડ જઈ પડ્યો. સ્મૃતિ ઈરાનીથી ગભરાઈને રાહુલ ગાંધી 2024 ની ચૂંટણી અમેઠીથી નહીં પણ ફક્ત વાયનાડથી જ લડે છે.

લોકસભાની ચૂંટણીના પરિણામ 26 મી મે, 2024 ના રોજ કોંગ્રેસની અપેક્ષા પ્રમાણે આવ્યા. યુપીએને 305 સીટો મળે છે. રાહુલ ગાંધી વાયનાડથી ચૂંટણી જીતી જાય છે. ભાજપ અને સાથી પક્ષો એનડીએને 212 સીટો મળે છે. કોંગ્રેસના મુખ્ય કાર્યાલયમાં ઉત્સાહ છે. દારૂખાનું ફુટે છે. મીઠાઈઓ વહેંચાય છે. રાહુલ ગાંધી આવે છે. કોંગ્રેસના કાર્યાલયના દરવાજેથી રાહુલ ગાંધીને કોંગીજનો ઊંચકીને ઓડીટોરીયમમાં લઈ જાય છે. રાહુલ ગાંધી જીન્દાબાદના નારાથી કોંગ્રેસ કાર્યાલય ગુંજી ઉઠે છે. 29 મી મે ના રોજ ચૂંટાયેલા બધા સભ્યોને દિલ્હી બોલાવવામાં આવે છે. કોંગ્રેસ પાર્ટીના સાંસદ સભ્યો સર્વાનુમતિથી રાહુલ ગાંધીને કોંગ્રેસના નેતા તરીકે ચૂંટી વડાપ્રધાન બનાવે છે. રાહુલને હવે મનમાં એક જ ધૂન છે કે હું ભારતના લોકોને બતાવી દઈશ કે હું જ્યારે બટાકામાંથી સોનું બનાવવાની વાત કરતો ત્યારે તમે મારા ઉપર હસતા અને મને મહામુર્ખ કહેતા હતા. હવે હું બટાકામાંથી સોનું બનાવી બતાવીશ.

રાહુલ ગાંધી ઘેર જતા મણિશંકર ઐય્યરને કહે છે કે મારી સાથે આવો. ઘરે જઈ શી જીનપીંગને ફોન કરીશ. મણિશંકર ઐય્યર રાહુલને સમજાવે છે કે આપણે ફોન કરવાની ઉતાવળ કરવાની જરૂર નથી. આવા પ્રસંગે તેમનો સામેથી તમને અભિનંદન આપવા ફોન આવશે. ભારતના ચીનના રાજદૂત તરફથી તમારા વડાપ્રધાન થવાના સમાચાર શી જીનપીંગને પહોંચી ગયા હશે. રાહુલ ગાંધી અને મણિશંકર ઐય્યર રાહુલ ગાંધીના બંગલે પહોંચ્યા પછી બરોબર 22 મીનીટ પછી રાહુલ ગાંધીને અભિનંદન આપવા શી જીનપીંગનો ફોન આવે છે.

શી જીનપીંગ : માય ફ્રેન્ડ રાહુલ, ભાજપને હરાવી ભારતના વડાપ્રધાન તરીકે ચુંટાઈ આવવા બદલ લાખ લાખ અભિનંદન. તમારા વડાપ્રધાન બનવાથી મને અત્યંત ખુશી થઈ. હું તમારો શુભચિંતક છું. મોદી ચીન-ભારતના સંબંધ મજબુત કરવા મને સહકાર ન હોતા આપતા. હું આશા રાખું છું કે તમારા વડાપ્રધાન થવાથી ભારત અને ચીનના સંબંધો વધુ મજબુત થશે.

રાહુલ ગાંધી : આભાર તમે અમને લોકસભાની ચૂંટણી જીતવામાં પરોક્ષ રીતે જે મદદ કરી છે તે બદલ હું તમારો ખુબ ખુબ આભાર માનું છું. મારા

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

પપ્પાના નાનાજી અને માઓત્સે તુંગે જે રીતે "હિન્દી ચીની ભાઈ ભાઈ"નો નારો ગુંજતો કર્યો હતો તે રીતે તમને અને હું ફરીથી "હિન્દી ચીની ભાઈ ભાઈ"નો નારો ગુંજતો કરીશું. તમે બટાકામાંથી સોનું બનાવવાનું મશીન ક્યારે આપશો ?

જીનપીંગ : ચીનના ભારત સાથેના સંબંધ તો વર્ષો જુના છે. 1938 ની સાલમાં જ્યારે જાપાને અમારા ઉપર આક્રમણ કર્યું હતું ત્યારે તમારા પપ્પાના નાનાજી એટલે જવાહરલાલ નહેરુ અને સુભાષચંદ્ર બોઝે અમારા ઘાયલ સૈનિકોની સેવા કરવા ડૉ. દ્વારકાનાથ કોટનીસ અને બીજા ચાર ડૉક્ટરો તથા એક એમ્બ્યુલન્સ મોકલી હતી. ડૉ. દ્વારકાનાથ કોટનીસ અમારા સૈનિકોની સેવા કરતા કરતા શહીદ થયા હતા. અમે ડૉ. દ્વારકાનાથ કોટનીસના ઋણી છીએ. અમારા કોઈ પણ પ્રમુખ અથવા વડાપ્રધાન ભારત આવે ત્યારે ડૉ. દ્વારકાનાથ કોટનીસના કુટુંબીજનને અવશ્ય મળે છે. હું અમદાવાદના રીવરફ્રન્ટ પર 2014 ના સપ્ટેમ્બર માસમાં નરેન્દ્ર મોદી સાથે ઝૂલે ઝૂલ્યો હતો ત્યારે ડૉ. દ્વારકાનાથ કોટનીસની બહેન મનોરમાને અમારા મુંબઈના કોન્સ્યુલેટ કલકત્તાથી મને મળવા વ્હીલચેરમાં દિલ્હી લઈ આવ્યા હતાં. અમે ભારતના ઋણી છીએ એટલે તમને મદદ કરવી અમારી નૈતિક ફરજ છે. ચતુર શી જીનપીંગે 1938 ની સાલની જૂની વાત કાઢી પંચશીલ (પંચશીલમાં એક બીજા ઉપર આક્રમણ ન કરવાનો મુદ્દો આવે છે.) અને 1962 ના ચીનના આક્રમણની વાત જ ઉડાવી દીધી.

રાહુલ ગાંધી : બટાકામાંથી સોનું બનાવવાનું મશીન ક્યારે મોકલશો ?

શી જીનપીંગ : તમે ચીન આવો ત્યારે ચર્ચા વિચારણા કરી નક્કી કરશું.

શી જીનપીંગ અને રાહુલની મુલાકાતની તારીખથ 9 મી જૂન નક્કી થઈ. રાહુલ મનોમન બોલે છે મોદી તમને અમેરિકાના બે પ્રમુખો બરાક ઓબામા અને ડોનાલ્ડ ટ્રમ્પ તથા ઇઝરાયેલના વડાપ્રધાન નેતનયાહુ માય ફ્રેન્ડ કહે છે મને પણ માય ફ્રેન્ડ કહેવાવાળા દુનિયામાં છે. રાહુલ નક્કી કરે છે કે જ્યારે તે 9 મી જૂનના રોજ શી જીનપીંગને મળશે ત્યારે તે પણ મોદીએ જે રીતે ડોનાલ્ડ ટ્રમ્પનો જમણો હાથ પોતાના ડાબા હાથમાં લઈ જમણા હાથથી ધપ્પો માર્યો હતો તે રીતે જ તે પણ શી જીનપીંગનો જમણો હાથ ડાબા હાથમાં લઈ જમા હાથથી ધબ્બો મારશે. હું દુનિયાને શી જીનપીંગ અને રાહુલની મિત્રતા બતાવીશ દઈશ. "હિન્દી ચીની ભાઈ ભાઈ"નો નારો ફરી ગુંજતો કરીશ. (વધુ આવતા અંકે)

**- પ્રિયમુખ પન્નાલાલ, વડોદરા, મો. ૯૧૦૬૬ ૨૫૬૪૭**

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# How to Design an Effective Training Program ?



The corporate landscape is constantly evolving. In such a dynamic environment, start-ups must rope in and retain a skilled and motivated workforce. This can be accomplished through training and development programs. Rather than considering it unnecessary, start-ups should perceive training and development as a strategic investment.

However, many companies are confused about how to conduct employee training. They can seek help from HR experts to design a training structure that resonates with their thought processes and company goals. While developing the program, consider these important points.**1.**

**1. Company goals:**

One of the major goals of training and employee programs is to equip employees with the right knowledge and tools to accomplish company goals. Therefore, it is important to consider the company's objectives while designing the program. One should also reflect on the challenges that hamper the organization's growth. This helps in deciding the strategic direction of the organization.

**2. SWOT analysis:**

Before designing the program, one should do the SWOT analysis and list down key competencies and limitations. This will help develop impactful training that can enhance job performance. For example, if you feel that your marketing is not as effective as

it should be, you can include training focused on marketing.

**3. Identify the gap:**

A thorough analysis will also help you understand the gap between your aspirations and your current situation. Studying HR documents, company reviews, and job descriptions can help perform a gap analysis. After identifying the gap, customize the training programs to equip the employees with the required skills.

**4. Interaction with employees:**

To get a 360-degree view, the top management should engage with employees regularly. It is the best way to understand the struggles and aspirations of the employees. This simple exercise can fill performance gaps. It helps make employees more receptive to learning.

How to give training?

There are multiple ways of imparting knowledge. You can select the one that suits your business model and requirements.

1. In-person training: This classroom-based learning style is the most preferred training style. It is more engaging, and the participants can directly ask questions to the instructor.

2. Online training: Online training is the easiest way to reach maximum employees, especially if your organization works in multiple states or cities. It is cheaper and more flexible in comparison to in-person training. However, retaining participant's attention is challenging.

3. Educational videos: Customized educational videos and interactive sessions help create a conducive learning environment.

Employees can download and view the video at their convenience. They can also save it for future reference.

4. Conferences, workshops, seminars: This training style is suitable for the selected ones like heads of the departments or employees of a particular team.

**The other styles include:**

- Discussing case studies.
- Conducting group discussions.
- Organizing coaching programs.
- Providing training guides & materials.
- Doing cognitive analysis through questionnaires.

Whatever approach you select, remember that it should cater to your organisation's unique needs and bridge the skill gap.

**- Shreya Parikh, Ahmedabad**
**M. 99743 90268**
**HR Coach**

**આભાર**

CA શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ (પાટણ–અમદાવાદ) તથા એડવોકેટ યોગીનિ વ્રજેશભાઈ પરીખ તરફથી તેમની સુપુત્રી નૂપુરના લગ્નપ્રસંગે વાયડામિત્રને રૂ. ૧૫,૦૦૦/– (અંકે રૂ. પંદર હજાર પૂરા) ભેટ મળેલ છે. તેઓનો ખૂબ ખૂબ આભાર

– તંત્રી

*સુજ્ઞ જ્ઞાતિજનો, વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.*

# વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

આ વર્ષે ચૈત્ર માસના સંઘનું આયોજન નીચે મુજબ કરવામાં આવ્યું છે.

(1) 2080, ચૈત્ર સુદી 4, તા. 12-4-2024ને શુક્રવારના રોજ સંઘ પાટણથી વાયડ જવા રવાના થશે.

(2) 2080, ચૈત્ર સુદી 6, તા. 14-4-2024ને રવિવારે નવચંડી હવન થશે. શ્રીફળ સાંજે 6.00 વાગ્યે હોમાશે.

(3) 2080, ચૈત્ર સુદી 8, તા. 16-4-2024ને મંગળવારે બપોર પછી સંઘ પરત ફરશે.

### ઉછામણી

(1) ચૈત્ર સુદી 4 રાત્રે જમવાના સમયે :
   ચૈત્ર સુદી 4 ની રાતની માતાજી આરતી.
   ચૈત્ર સુધી 5 ની સવારની આરતી

(2) ચૈત્ર સુદી 5 રાત્રે જમવાના સમયે :
   ચૈત્ર સુદી 5 ની રાત્રીની આરતી
   ચૈત્ર સુદી 6 ની સવારની આરતી
   ચૈત્ર સુદી 6 હવનમાં બેસવાની ઉછામણી
   ચૈત્ર સુદી 6 ધ્વજા દંડ ચઢાવવાની

હવનમાં બેસવાની ઉછામણી રૂ. 11,000/- થી શરૂ થશે. ચૈત્ર સુદી 6-હવનમાં બેસવાના બીજા દંપતીની ચીઠ્ઠી રાત્રે જમ્યા બાદ સંસ્થાની ઓફીસે થશે. જેઓની ઇચ્છા હોય તેમણે ઓફીસે અગાઉથી નામ નોંધાવી દેવા જેનું ન્યોછાવર રૂ 15,000/- (રૂ. પંદર હજાર પૂરા) રાખવામાં આવેલ છે. જે વ્યક્તિનું નામ ચીઠ્ઠીમાં આવશે તે પાંચ વર્ષ સુધી ફરીથી હવનમાં બેસી શકશે નહી. જેમનું નામ ચીઠ્ઠીમાં આવશે તેમના પુત્ર–પુત્રી હવનમાં બેસી શકશે.

બાકીની આરતી તેમ જ વરઘોડાની વસ્તુઓની ઉછામણી હવનના સમયે સાંજે પાંચ કલાકે થશે.

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# વાયડ સંસ્થાની મીટીંગ

વાયડ સંસ્થાની મીટીંગ રવિવારે તા. 14-4-2024 રોજ સંસ્થાની ઓફિસે વાયડ મુકામે મળશે. સર્વે ટ્રસ્ટીઓએ 12-00 વાગે હાજર રહેવા વિનંતી છે.

---

# ગાદલાની વ્યવસ્થા

સંઘમાં ગાદલાની વ્યવસ્થા કરવામાં આવી છે જે જ્ઞાતિજનોને ગાદલાની જરૂરિયાત હોય તેમણે તા. 1-4-2024 થી 8-4-2024 સુધી નીચેના સરનામે નોંધાવી દેવા. ગાંદલાના સેટનું ભાડું રૂ. 70 (અંકે સીત્તેર) રાખેલ છે.

**ગાદલા નોંધાવવાનું સ્થળ :** અજયભાઈ એ. પરીખ, 21/22 સુરમ્ય બંગ્લોઝ, ટેલીફોન એક્સચેન્જ પાસે, પાટણ (ઉ. ગુ.), ફોન : 98246 67323

---

# શ્રી વાયડા માતાજીને આવેલ ભેટ

(1) કાન્તીલાલ દુર્લભદાસ પંચાલ — ગામ મેથાણ
રૂ. 5000/-

(2) શ્રી વાગડીયા પરિવાર — ગામ ચંદ્રમણા
રૂ. 11,000/-

(3) દલપતભાઈ પંચાલ
સોનાની લગડી વજન 3,980

**શશાંકભાઈ આઈ. શાહ**
પ્રમુખશ્રી
અમદાવાદ

**અજયભાઈ એ. પરીખ**
સેક્રેટરી
પાટણ
ફોન: 98246 67323

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

# યમુનાવાડી - પાટણ

## મઝાનું ગેટ - ટુ - ગેધર

પાટણના જાણીતા પારેખ કુટુંબના ડૉ. મીનાબેન પારેખ ઓઝા અમેરિકાથી પાટણ આવેલાં તેમણે જ્ઞાતિજનોને મળવાના હેતુથી તા. 30-12-2023 ના રોજ યમુનાવાડીમાં ગેટ–ટુ–ગેધરનું આયોજન કરેલું. તે સ્નેહમિલનમાં સંગીતનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો અને પાટણનાં જાણીતા કલાકાર કમલેશ સ્વામી ઓરકેસ્ટ્રાને નિમંત્રણ પાઠવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ આનંદપૂર્વક પૂર્ણ થયો હતો.

ડૉ. મીનાબેન સૌ જ્ઞાતિજનોને આવકાર આપેલો. મોટી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર હતાં. તેમણે મીનાબેનનું પુષ્પ ગુચ્છ આપી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. મીનાબેન તરફથી યમુનાવાડીની સગવડતા વધારવા રૂ. 75,000/- નું દાન આપવામાં આવ્યું હતું. ઉત્કર્ષ મંડળના પ્રમુખ હરેશભાઈ પરીખે મીનાબેનનો આભાર માન્યો હતો. ભોજન અને આઈસ્ક્રીમનો સ્વાદ માણીને સૌ આનંદભેર વિખરાયા હતાં.

---

## ઉદાર સહાય બદલ આભાર

યમુનાવાડીના વિકાસ માટે લાગણીપૂર્વક સહાય મળતી રહે છે. થોડા સમય પહેલાં પાટણનાં જાણીતા પારેખ કુટુંબના પરંતુ વડોદરામાં નિવાસ કરતા સતીષભાઈ ગોકળદાસ પારેખનું દુ:ખદ અવસાન થયું. સ્વ. સતીષભાઈએ 45 વર્ષથી વધુ સમય જર્મનીમાં વિતાવ્યો હતો અને ખૂબ જ નામના પ્રાપ્ત કરી હતી. તેમના સ્મરણમાં યમુનાવાડીમાં ઉપરના માળે બંધાનાર મોટા રૂમ માટે તેમના ધર્મપત્નિ ભારતીબેન રૂ. 7,00,000 (સાત લાખ)નું માતબર દાન આપવાની જાહેરાત કરી છે. અમે તેમની ઉદાર ભાવનાની કદર કરીએ છીએ અને આભારની લાગણી વ્યક્તિ કરીએ છીએ.

## સિનિયર સિટિઝનો સાથે સ્નેહ મિલન

તારીખ 18 ફેબ્રુઆરી 2024 ના રોજ મહેસાણા 45 જેટલા સિનિયર સિટિઝન ભાઈ–બહેનોએ યમુનાવાડીની મુલાકાત લીધી હતી. મહેસાણામાં ચાલતા સિનિયર સિટિઝન કાઉન્સિલના સભ્યોને લઈ શરદભાઈ શાહ આવ્યા હતા. જ્ઞાતિના પ્રમુખ ડૉ. રોહીતભાઈ શાહ, તુષારભાઈ શાહ, અજયભાઈ પરીખ વિગેરે જ્ઞાતિબંધુઓ અને બહેનોએ સૌનું સ્વાગત કર્યું હતું. અમેરિકાથી આવેલા છાયાબેન પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ વાડી જોઈ આનંદ વ્યક્ત કર્યો હતો. પાટણના અગ્રણી નાગરિકો અને જાણીતા વકીલ શ્રી પ્રજ્ઞેશભાઈ ગાંધી અને સરકારી વકીલશ્રી મીતેષભાઈ પંડ્યા પણ હાજર હતાં. તેમણે યમુનાવાડી દ્વારા પાટણનાં નગરજનોની થતી સેવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. સૌ ચ્હા–નાસ્તો લઈ વિખરાયા હતાં.

---

## તૈલચિત્રો મુકવા સંમતિ

સ્વ. પરમાનંદભાઈ જમનાદાસ પારેખ અને કોકીલાબેન પરમાનંદભાઈ પારેખના તૈલ ચિત્રો મુકવા તેમનાં પૌત્ર રાજ સંજય પારેખ તરફથી સંમતિ અને રૂપિયા 1 લાખનો ચેક પ્રાપ્ત થયો છે. અમે તેની ઉદાર ભાવનાની કદર કરીએ છીએ અને આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

સ્વ. વનલીલાબેન ચંદ્રકાન્ત પરીખના તૈલ ચિત્ર માટે રોહીતભાઈ ચંદ્રકાન્ત પરીખ અને વિજયભાઈ ચંદ્રકાન્ત પરીખે સંમતિ દર્શાવી છે. તેમનો પણ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આવો, આપણે સૌ યમુનાવાડીના વિકાસના સહભાગી થઈએ.

**– શરદભાઈ શાહ, સંચાલક, યમુનાવાડી**
**ડૉ. રોહીતભાઈ શાહ, પ્રમુખ, પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિ**
**હરેશભાઈ પરીખ, પ્રમુખ, ઉત્કર્ષ મંડળ**

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ – યાત્રા ક્લબ

શ્રી મહાપ્રભુજી પ્રાગટ્ય બેઠક – ચંપારણની સફળ યાત્રા બાદ, યાત્રામાં આવેલ જ્ઞાતિજનોની એવી લાગણી હતી કે આવતી સાલ 2025 માં અયોધ્યા ખાતે રામ મંદિરના દર્શન કરાવવાનું આયોજન કરો.

જ્ઞાતિજનોની લાગણીને ધ્યાનમાં લઈ જ્ઞાતિના યંગ સિનિયર સિટિઝન દ્વારા આવતી સાલ 2025 માં આશરે પાંચથી સાત દિવસ (25 ડિસેમ્બર 2024 થી 12 મી જાન્યુઆરી 2025 દરમિયાન) અયોધ્યા – બનારસ – પ્રયાગ યાત્રાનું આયોજન કરવાનું વિચારી રહ્યા છીએ.

યાત્રાના ખર્ચને ધ્યાનમાં લઈ શ્રી.અ.દ.વા.વ. જ્ઞાતિજનો માટે એક “યાત્રા ક્લબ” શરૂ કરવાનું વિચારેલ છે. જે અંતર્ગત જે જ્ઞાતિજનોએ ક્લબમાં સભ્ય તરીકે જોડાવવું હોય તેમણે સભ્ય દીઠ પ્રતિ માસ રૂ. 1000/- જમા કરાવવાના રહેશે. “યાત્રાક્લબ”ની મુદત જાન્યુઆરી 2024 થી ડિસેમ્બર 2024 સુધીની (12 માસ) રહેશે.

“યાત્રા ક્લબ” બનાવવાનો હેતુ માત્રને માત્ર નાણાકીય સગવડતા સચવાઈ રહે એ માટેનો જ છે. ક્લબના સભ્ય હોય અને કોઈ પણ કારણસર તેઓ યાત્રામાં જોડાઈ ન શકે તો તેમણે ભરેલા પૂરેપૂરા પૈસા તેમને પાછા મળી જશે.

“યાત્રા ક્લબ”માં જોડાનાર દરેક સભ્યએ દર મહિનાની 1 થી 10 તારીખમાં રૂ. 1000/- શ્રી વાયુદેવતાજી મંદિરે નાનુભાઈ શાહને આપવાના રહેશે. જેની પહોંચ આપવામાં આવશે. જે તેમણે સાચવી રાખવાની રહેશે.

વધુ માહિતી માટે રૂબરૂમાં સંપર્ક કરવો.

પિયુષ શાહ
સુનિલ શાહ

કિરણ શાહ
વિજેશ શાહ

## શ્રી વાયુદેવતા મંદિર, બાજવાડા, વડોદરા
## ચૈત્રસુદ છઠ્ઠનો હવન અને વાયડ સંઘ

આ વર્ષે ચૈત્ર સુદ છઠ્ઠનો હવન તા. 14-4-2024 ને રવિવારના રોજ યોજાશે. શ્રીફળ હોમવાનો શુભ સમય સાંજના 6 કલાકનો રહેશે. આપ હવનના નિઃશુલ્ક યજમાન થવા માટે મંદિરના પુજારી શ્રી દત્તુભાઈ દવેનો સવારે 8 થી 11 કલાક દરમ્યાન અથવા મોબાઈલ નં. 98983 07510 ઉપર સંપર્ક કરી આપનું નામ સરનામુ અને કોન્ટેક નંબર લખાવશો.

જે જ્ઞાતિજનો સંજોગોવસાત વાયડ ના આવી શકે તેઓ સૌને હવન દરમ્યાન ઉપસ્થિત રહી આરતી અને પ્રસાદનો લાભ લેવા વિનંતી છે.

શ્રી વાયડ ખાતે ચૈત્ર સુદ છઠ્ઠના હવનનો લાભ જ્ઞાતિજનો મેળવી શકે તે માટે આ વર્ષે પણ વડોદરાના વાયડા વણિક જ્ઞાતિજનો માટે અઅ વર્ષે પણ એક દિવસની બસ અને ત્રણ દિવસની બસ એમ બે બસોનું આયોજન નીચે મુજબ કરવામાં આવશે.

એક દિવસ અને ત્રણ દિવસ એમ બન્ને બસો તારીખ 13-4-2024 શનિવારના રોજ રાત્રે 11-30 કલાકે ન્યાય મંદિરથી રવાના થશે. ત્યાંથી રાજલક્ષ્મી કોમ્પ્લેક્ષ જુના પાદરા રોડ આવશે અને જ્ઞાતિજનોને લઈ વાયડ જવા રવાના થશે. એક દિવસની બસ તા. 14-4-2024 રવિવારના રોજ રાત્રે લગભગ 8 કલાકે પ્રસાદ લીધા બાદ વાયડથી પરત ફરશે. 3 દિવસાવાળી બસ તા. 16-4-2024 ને મંગળવારના રોજ માતાજીના વરઘોડા બાદ, પ્રસાદ લીધા પછી લગભગ 2 કલાકે વાયડથી રવાના થશે.

બન્ને બસમાં સીનીયર સીટીઝન માટેની બેઠક વ્યવસ્થા આગળ રહેશે. જેની નોંધ લઈ સૌએ સહયોગ આપવા વિનંતી છે.

વડોદરાના વાયડા વણિક જ્ઞાતિજનો પોતાના નામ તા. 10-4-2024 પહેલા શ્રી અરવિંદભાઈને મેસર્સ ગૌરી સાડી, એમ. જી. રોડ, વડોદરા બપોરે 4 થી 7 કલાક સુધીમાં રૂબરૂ મળી લખાવવા વિનંતી છે. આપ બસમાંથી ક્યાંથી બેસવાના,

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

આપની ઉંમર અને આપનો કોન્ટેક્ટ નંબર લખાવી દેવા વિનંતી છે. નામ નોંધાવતી વખતે વ્યક્તિદીઠ રૂ 400/- ભરવાના રહેશે.

આપ પોતાના નામ મેસર્સ પ્રણવ ઈલેક્ટ્રીકલ્સ, રાજ લક્ષ્મી કોમ્પલેક્ષ, જુના પાદરા રોડ, વડોદરા ખાતે પણ બપોરે 1 થી 6 દરમ્યાન શ્રી હર્ષદભાઈ શ્રોફને રૂબરૂ મળી લખાવી શકશો.

**વાયડા વણીક સમાજ, વડોદરા**

## શ્રી પાટણ દશા વાયડ વણિક જ્ઞાતિ તથા ઉત્કર્ષ મંડળ

### વાર્ષિક સામાન્ય સભાનું આયોજન

ચૈત્ર સુદ 6 તા. 14-4-2024 ને રવિવારના રોજ બપોરે 2-30 કલાકે શ્રી પાટણ દશા વાયડા વણિત જ્ઞાતિ તથા ઉત્કર્ષ મંડળની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન વાયડ મુકામે જ્ઞાતિની ધર્મશાળાના મેજીસ્ટ્રેટ હોલમાં રાખેલ છે. સર્વે લ્હેણદાર ભાઈઓને સભામાં હાજર રહેવા વિનંતી છે.

**એજેન્ડા**

૧. ગત સાલમાં ઓડિટ હિસાબ મંજૂર કરવા અંગે

૨. નવીન વર્ષના હોદ્દેદારોની નિમણૂંક અંગે

૩. પ્રમુખશ્રી તરફથી રજુ થાય તે

હરેશભાઈ પરીખ
પ્રમુખ ઉત્કર્ષ મંડળ

ડૉ. રોહિતભાઈ શાહ
પ્રમુખ પાટણ દ.વા.વ. જ્ઞાતિ

અજયભાઈ પરીખ
સહમંત્રી

ચેતનભાઈ પરીખ
મંત્રી

## વાયડ ટ્રાવેલ ફંડ

તા. 12-4-2024 ના રોજ વાયડ જવા માટે રૂ. 800/- 2 × 2 AC બસના નક્કી કરેલ છે. જે જ્ઞાતિજન આવવા માગતા હોય તે 31-3-2024 સુધી નામ નોંધાવવા મહેરબાની કરશોજી

**– નાનુભાઈ શાહ**

એમ.જે.નગરશેઠ (અમેરિકા) ના જય શ્રી કૃષ્ણ

## શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળ

શ્રી સમીરી વણિક સમાજ દ્વારા સમાજના સભ્ય ભાઈ બહેનો તથા તેમના કુટુંબીજનો માટે ચૈત્ર સુદ છઠના હવન પ્રસંગે, સ્વ. સતિષભાઈ ગોકળદાસ પારેખ તથા શ્રીમતી ભારતીબેન સતિષભાઈ પારેખ તરફથી તેમના માતા–પિતા સ્વ. સરસ્વતીબેન ગોકળદાસ પારેખ અને સ્વ. ગોકળદાસ ચુનીલાલ પારેખની સ્મૃતિમાં મળેલ દાનની રકમના વ્યાજમાંથી તા. 14-04-2024 ને રવિવારના રોજ અમદાવાદથી વાયડ જવા આવવા માટે 2 x 2 AC લક્ઝરી બસનું આયોજન કરવામાં આવ્યું છે. આ બસ માટે યાત્રીઓ પાસે કોઈ ચાર્જ લેવામાં નહી આવે.

બસ સવારે 7.00 વાગે વ્રજભૂમિ આંબાવાડીથી ઉપડી, માનવ મંદિર–ગુરુકુળથી યાત્રીઓ લઈ વાયડ જવા રવાના થશે. વાયડ ખાતે મહાપ્રસાદ લીધા પછી રાત્રે 8.30 વાગે બસ અમદાવાદ પરત આવવા નીકળશે. બસ ઉપર જણાવેલ બે સ્થળો એ જ ઉભી રહેશે.

ઉપરોક્ત બસમાં આવવા ઇચ્છુક સભ્યોએ તેમના નામ (ઉંમર, ટેલિફોન નંબર તથા બસમાં ક્યાંથી બેસવાના છે તે માહિતી સાથે) Rs. 200/- પ્રતિ યાત્રી દીઠ ડિપોઝિટરૂપે આપી તા. 05-04-2024 થી તા. 07-04-2024 સુધીમાં નીચે જણાવેલ સ્થળ તથા સમયે નામ નોંધાવવા વિનંતી છે. ડિપોઝિટની રકમ વાયડથી પરત ફરતા, જે વ્યક્તિના નામે સીટ નોંધાવવામાં આવી હશે તેને જ પાછી આપવામાં આવશે. નોંધાવેલ નામ કોઈ પણ સંજોગોમાં રદ્ થઈ શકશે નહીં. પાંચ વરસથી નાના બાળકને સીટ ફાળવવામાં આવશે નહીં. બસની સીટની ફાળવણી “વહલા તે પહેલા”ના ધોરણે કરવામાં આવશે. જો કે વરિષ્ઠ નાગરિકોને આગળની સીટ ફાળવવામાં આવશે.

નામ નોંધાવા માટે સંપર્ક કરો :

કંદર્પભાઈ વી. પરીખ, મો. ૯૪૨૮૪ ૧૩૦૬૫

શરદ જે. પરીખ
સેક્રેટરી

શૈલેષભાઈ પી. શાહ
પ્રમુખ

# લગ્ન વિષયક

ભુજ–કચ્છ નિવાસી હાલમાં બેંગલોરમાં આઈટીમાં જોબ કરતી કચ્છી વાયડા વણિક યુવતી માટે યોગ્ય યુવકના વાલી તરફથી જન્માક્ષર, બાયોડેટા તથા ફોટોગ્રાફ સાથે સંપર્ક આવકાર્ય છે.

યુવતીની લાયકાત : B. E. કોમ્પ્યુટર

ઉંચાઈ : 5' 2"

વજન : 58 kg

જન્મ તારીખ : 24-3-1998

સંપર્ક : 97242 80442

**અંક ન મળવા અંગે**

વાયડામિત્રની તમામ નકલો દર મહીનાની દસ તારીખે પી.એસ.ઓ ઓફિસ, અમદાવાદમાં આપવામાં આવે છે જેની પહોંચ અમે જ્ઞાતિના તમામ વોટસએપ ગ્રુપમા મોકલીએ છીએ. વાયડામિત્રના સભ્યોનું એડ્રેસ લીસ્ટ (પી.ડી.એફ ફાઈલ) પણ ગ્રુપમાં મોકલીએ છીએ. જ્ઞાતિજનો પોતાનું નામ તેમાં ચેક કરી શકે છે. ૨૫ તારીખ સુધી અંક ન મળે તો વ્યવસ્થાપક શ્રી હર્ષ પરીખને તેમનું નામ તથા સરનામુ વોટસએપ કરી શકે છે. વ્યવસ્થાપક પાસે વધારાની નકલ હશે તો સાદી પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે અને તેનો ફોટો પાડીને જે તે ગ્રાહકને મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust

Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮**

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

## પરીક્ષા પાસ

**અમદાવાદ :** વૃશાંક ભરતભાઈ નટવરલાલ પરીખ,
C. A. Final (both Groups)

## અવસાન

**મુંબઈ (થાણે) :** ગીતાબહેન સુભાષભાઈ શાહ, ઉ. વર્ષ ૭૨, તા. ૨૭–૧–૨૦૨૪

**અમદાવાદ :** રમેશભાઈ બી. શાહ, ઉ. વર્ષ ૮૭, તા. ૩–૨–૨૦૨૪

**માધાપર :** ગં. સ્વ. અંજનાબેન અરવિંદલાલ શાહ, ઉ. વર્ષ ૮૦, તા. ૧૩–૨–૨૦૨૪

**ભૂજ :** રશ્મિકાંત છગનલાલ વાયડા શાહ, ઉ. વર્ષ ૫૪, તા. ૧૦–૨–૨૦૨૪

**અમદાવાદ :** મિહીર ચંદ્રકાંત, ઉ.વ. ૩૨, તા. ૧૬–૨–૨૦૨૪

**અમદાવાદ :** વ્રજબાળાબેન યશવંતભાઈ શાહ, તા. ૧૫–૨–૨૦૨૪

**અમદાવાદ :** રમેશચંદ્ર બી. શાહ, તા. ૨૨–૨–૨૦૨૪

**મુંબઈ :** ગં. સ્વ. જશમણીબહેન જમનાદાસ શાહ, ઉ. વર્ષ ૮૪, તા. ૧૯–૨–૨૦૨૪

પ્રદીપ નવનીતલાલ શાહ પરિવાર (પૂના)ના સર્વે જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ


## RECEIPT TILL 25/2/2024

| Receipt No. | Person name | Amout | Towards Which |
|---|---|---|---|
| 121 | Manisha Trading Corporation | 2700 | Diwali Adv. |
| 122 | Shree Samiri Group of Companies | 2100 | Diwali Adv. |
| 123 | Space Application Cables | 3500 | Diwali + Panel Adv. |
| 124 | Dr. Chaitaliben Parikh | 7800 | Diwali + Adv. |
| 125 | Bharatbhai Hasmukhlal Gandhi | 600 | Advertisement |
| 126 | Vijeshbhai Nagindas Shah. | 600 | Advertisement |
| 127 | Vrajeshbhai Navinchandra Parikh | 15,000 | Donation Income |
| 128 | Rohitbhai Chandrakantbhai Parikh | 800 | Panel Adv. |
| 129 | Yogeshwar Diamonds | 2900 | Diwali + Panel Adv. |
| 130 | Sharadbhai Purushottamdas Shah | 2100 | Diwali Adv. |
| 131 | Atitbhai Maheshbhai Shah | 1000 | Diwali Adv. |
| 132 | Shree Krishna Cotton Pressing Factory | 1300 | Diwali + Panel Adv. |
| 133 | Pannaben Dineshbhai Parikh | 2900 | Diwali + Panel Adv. |
| 134 | Vipulbhai Jayantilal Parikh | 2100 | Diwali Adv. |
| 135 | Dakshaben Lalsodagar | 1050 | Diwali Adv. |
| 136 | Arvind Electricals | 1000 | Diwali Adv. |
| 137 | Naman Electric Co. | 2100 | Diwali Adv. |
| 138 | H. M. Trading Co. | 1800 | Diwali + Panel Adv. |
| 139 | Shubh Corporation | 1000 | Diwali Adv. |
| 140 | Chandrakantbhai Vishanji Adenwala | 1800 | Diwali + Panel Adv. |
| 141 | Techflow Enterprises Pvt. Ltd. | 4900 | Diwali + Panel Adv. |

– વ્યવસ્થાપક

## શ્રદ્ધાંજલિ

* * *



**સ્વ. રમેશભાઈ બી. શાહ**
**જન્મ તારીખ : ૧૪-૧૧-૧૯૩૬**
**સ્વર્ગવાસ તારીખ : ૩-૨-૨૦૨૪**

શાંત સરળ, સહજ એવું જીવન જીવ્યા આપ,
આપનો અભ્યાસ, વાંચન, ચિંતન, લેખન, વિચારો, લખેલા
લેખો અને પુસ્તકો કરાવતા રહેશે અમને કાયમ તમારા
વ્યક્તિત્વનું દર્શન

**ગૌરાંગ, સ્મિતા, અમિત, ફાલ્ગુની, બીના - નિશીથ**

સ્વ. પરષોત્તમ બેચરદાસ શાહ(ભૂજ-કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ

સ્વ. મંજુલાબહેન રસિકલાલ શાહ (કડીવાળા)ના જય શ્રી કૃષ્ણ

## ૫૦મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

* * *



**સ્વ. શ્રી રસિકલાલ નરોત્તમદાસ શાહ**

**શ્રીજીચરણ તારીખ: ૬-૩-૧૯૭૪, ફાગણ સુદ ૧૧**

પિતૃવાત્સલ્યની ઝંખનાની આંતરવેદના કોણ વર્ણવી શકે? કલમ થંભી જાય, શબ્દો ખૂટી પડે પણ અશ્રુની ધારા અવિરત વહ્યાં કરે.
ક્યાં છે એ પિતાની વાત્સલ્યતા? ક્યાં છે એ હસતો ચહેરો? ક્યાં છે એ વિશાળ હૃદય? ક્યાં છે કોઈ પણ પ્રસંગને હળવો બનાવનાર પ્રેરણામૂર્તિ પિતા? આ જન્મે તો ઓરતા અધૂરા રહ્યાં, પણ હે પ્રભુ ! અંતરની પ્રાર્થના છે કે જન્મજન્માંતર સુધી એ જ પિતાના સંતાન બની, એમના ચરણ પખાળી સેવા કરી, એમના વહાલ નીતરતા હૃદયમાં સદા માટે સમાઈ જઈએ.

**પ્રેરણાબેન કિરીટકુમાર પરીખ (પુત્રી)**
**તથા પરિવાર**

ગં. સ્વ. લતાબહેન રમેશચંદ્ર પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ

ઉદય બિલ્ડકોન પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી

***

## ૩૬મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



### સ્વ. શ્રી વિદ્યાબેન રસિકલાલ શાહ

### શ્રીજીચરણ તારીખ : ૨૭-૨-૧૯૮૮, ફાગણ સુદ ૧૧

તમારું જીવન અમારી પ્રેરણા હતું, તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા. અમે તમારા સરળ જીવન, દયાળુ સ્વભાવ, ભાવનાશીલતાને ક્યારેય ભૂલીશું નહિ. અમારા જીવનમાં જે સુંદર છે એ બધું આપના પ્રતાપે જ છે. તમારો સદાય હસતો અને સંતોષથી ભરપૂર ચહેરો હજી પણ આંખ સામે તરવરે છે. તમે સાદગીભર્યું અને પ્રભુમય જીવન જીવ્યા. આપની છબી સદા અમારા હૃદયમાં અંકિત રહેશે. મધૂર સંસ્કારનો વારસો તમારા થકી જ મળ્યો છે.

પ્રેરણાબેન કિરીટકુમાર પરીખ (પુત્રી)

ચિ. દર્શિકાબેન વિ. કપાસી — ચિ. કૌશિક કે. પરીખ

વિજયકુમાર સી. કપાસી — અ.સૌ. બીનીતા કે. પરીખ

ચિ. ધવલ કપાસી — ચિ. પાર્થ, ખુશી

ચિ. વિકાસ કે. પરીખ

અ.સૌ. જીનલ વિ. પરીખ

સ્વ. નિરંજનાબહેન તથા સ્વ. કાંતિલાલ મોતીલાલ શાહ (દેત્રોજ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

સ્વ. નંદલાલ કાંતિલાલ પરીખ (પાટણ-અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ




સુહાસ હરિન્દ્રભાઈ શાહ (અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

કોમેટ ઈન્ડસ્ટ્રીઝ (અમદાવાદ)ના સૌજન્યથી

સ્વ. કાંતિલાલ કૃષ્ણલાલ પરીખ (કડી) અને પરિવારના જય શ્રી કૃષ્ણ






કામધેનુ સિડ્સ પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી

સ્વ. રતનલાલ ભેરુલાલ કશ્યપ (નાગપુર) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

## શ્રધ્ધાંજલિ

* * *



**સુરેન્દ્રભાઈ નવનીતલાલ પારેખ**

**જન્મ તા. ૯–૬–૧૯૨૦ સ્વર્ગવાસ તા: ૨૬–૧–૨૦૨૪**

તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં,
તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં,
સદેહે તમે નથી પણ અસ્તિત્વમાં છે
અને રહેશો એ વિશ્વાસથી,
પ્રભુ આપના આત્માને સદૈવ શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લિ. તમારી દીકરીઓ
સ્વર્ણા અને દિવ્યા શાહ તથા પારેખ પરીવાર, યુ.એસ.એ

સ્વ. દિનેશભાઈ બાલુભાઈ પરીખ (અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

સ્વ. નવનીતલાલ નાનાલાલ પરીખ (પાટણ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

*Best Wishes From*



# Shri Jethalal Acharatal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai - Kokilaben Parikh
Harshul - Alpa, Mrugesh - Ratna
Bhrita - Aakar Choksi
Darsh - Ankita, Parita, Darshil,
Bakul - Nita Dalal
Meera - David Burns
Chinmay - Natasha Dalal

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.
પ્રકાશન ૧૦/૩/૨૦૨૪




## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

**મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ, અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫**


## PRINTED BOOK March 24

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH